# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-11-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## શ્રમસંહિતા

**કેન્દ્ર સરકારે દેશમાં નવી શ્રમ સંહિતા લાગુ કરી છે, જેનો 40 કરોડ કામદારોને સીધો લાભ મળશે. ભારતીય મજદૂર સંઘ ઉદ્યોગ સંસ્થાઓ અને સલાહકાર કંપનીઓએ દેશમાં લાગુ કરાયેલી આ ચાર શ્રમ સંહિતાનું સ્વાગત કર્યું છે, અને આ પગલાને સીમાચિહ્નરૂપ ગણાવ્યું છે. જે રોજગાર સર્જનને વેગ આપશે, સામાજિક સુરક્ષા માળખાને વિસ્તૃત કરશે અને પાલનને સુવ્યવસ્થિત કરશે.**

**---------------------------------------------------------------------------------------------**

## પોલીસ પદક

**રાજ્ય પોલીસના 568 અધિકારીઓ અને કર્મચારીઓને ઉત્કૃષ્ટ સેવાઓ બદલ DGP કમેન્ડેશન ડિસ્ક 2024 એનાયત કરાશે. ગુજરાત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા વર્ષ 2024 દરમિયાન પોલીસ વિભાગની ફરજમાં ઉત્તમ અને સરાહનીય સેવાઓ બદલ આ સન્માન અપાશે. જેમાં પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે સહિત કચ્છના 6 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે. આગામી 25 નવેમ્બરે ગાંધીનગરમાં કરાઈ ગુજરાત પોલીસ અકાદમીના વિદ્યાભવન સભાગૃહ ખાતે યોજાનાર વિશેષ સમારોહમાં આ પદક એનાયત કરવામાં આવશે.**

**---------------------------------------------------------------------------------------------**

## SRI

કેન્દ્રીય ચૂંટણીપંચના આદેશ અનુસાર જિલ્લાના ૬ વિધાનસભા વિસ્તારોમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કામગીરી **SIR** અંતર્ગત હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. જીલ્લામાં આવેલ તમામ મતદાન મથકો પર આજે બુથ લેવલ ઓફિસરો હાજર રહ્યા હતા. જીલ્લાના મતદારોએ સારો પ્રતિસાદ આપીને આ કેમ્પનો વિપુલ પ્રમાણમાં લાભ લીધો હતો. **BLO**ઓ દ્વારા મતદારોને ગણતરી ફોર્મ કઈ રીતે ભરવું તેની સમજૂતી આપવામાં આવી હતી અને મતદારોએ પોતાના ફોર્મ ભરીને બી.એલ.ઓને જમા કરાવ્યા હતા. હજુ આવતીકાલે રવિવારે પણ તમામ મતદાન મથકો પર આ કામગીરી ચાલુ રહેશે.

---------------------------------------------------------------------------------------

## <u>બિદડા સર્વોદય ટ્રસ્ટ</u>

અમેરિકા સ્થિત મિશિગન સ્ટેટ યુનિવર્સિટી અને બિદડા સર્વોદય ટ્રસ્ટ વચ્ચે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે પાંચ વર્ષનો મહત્વપૂર્ણ સમજુતી કરાર કરવામાં આવ્યો છે.

મિશિગન સ્ટેટ યુનિવર્સિટી તરફથી ડૉ. રોબેકા મેલોવિન તથા ડૉ. એનેટ ઓ'કોર્નર એ તાજેતરમાં  બિદડા સર્વોદય ટ્રસ્ટની મુલાકાત લઈને વિવિધ આરોગ્ય સેવાઓ અંગે માહિતી મેળવી હતી.

ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાએ જણાવ્યું કે, મિશિગન સ્ટેટ યુનિવર્સિટીના કોલેજ ઓફ ઓસ્ટિયોપેથિક અને કોલેજ ઓફ હ્યુમન મેડિસિનમાં ભણતા વિદ્યાર્થીઓ બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત મેડિકલ વિભાગો, રહેબિલિટેશન, નેચર ક્યોર જેવા વિષયોનો અભ્યાસ કરી શકશે અને અહીંની કાર્યપદ્ધતિ દ્વારા તેમનો પ્રેક્ટિકલ અનુભવ વધારી શકશે. વર્ષ દરમિયાન યોજાતા વિવિધ મેડિકલ કેમ્પોમાં શસ્ત્રક્રિયાઓનું નિરીક્ષણ કરી તેનું શૈક્ષણિક અધ્યયન પણ કરી શકશે.

આ ઉપરાંત, બિદડા સર્વોદય ટ્રસ્ટના ડોક્ટરો પણ મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવી ફેકલ્ટી મેમ્બર તરીકેની પદવી પ્રાપ્ત કરી શકશે.

---------------------------------------------------------------------------------------

## રાપર – એક્તા યાત્રા

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાપર તાલુકાના કલ્યાણપરથી રાપર સુધી યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા અને જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા સહિત વિવિધ હોદ્દેદારો યાત્રામાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## વીજ ચેકિંગ

પશ્ચિમ કચ્છમાં ભુજ પીજીવીસીએલ ડીવીઝન હેઠળ આવતા વિસ્તારોમાં વીજચેકીંગની ઝુંબેશ હાથ ધરાઇ હતી. આ ઝુંબેશમાં ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા, દયાપર અને ખાવડા સહિતના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી.

જે અંતર્ગત ગેરકાયદેસર વીજ વપરાશ રોકવા અને ગ્રાહકોમાં જાગૃતિ લાવવાના હેતુથી કુલ 25 ચેકિંગ ટીમો મેદાનમાં ઉતારાઇ હતી. પાંચ દિવસ દરમિયાન આ ટીમોએ વિવિધ વિસ્તારોમાં ઘરવપરાશ અને વાણિજ્યિક મળીને કુલ 2,957 વીજ જોડાણોનું ચેકિંગ કર્યું હતું. આ કામગીરી દરમિયાન અનેક સ્થળોએ ગેરરીતિઓ જોવા મળતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. કુલ તપાસમાંથી 230 વીજ જોડાણોમાં ગેરરીતિઓ નોંધાઈ હતી અને સંબંધિત વપરાશકર્તાઓને કુલ 1 કરોડ 19 લાખનો દંડ અને ગેરરીતિના બિલો આપવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ભચાઉ બે કિશોરનાં મોત

ભચાઉ તાલુકાના લાખાપરમાં ડૂબી જવાથી બે કિશોરનાં મોત થયા છે. માલધારી પરિવારના બે કિશોર ગઈકાલે ભેંસો ચરાવવા સીમ વિસ્તારમાં ગયા હતા. મોડીરાત સુધી તેઓ પરત ન આવતાં શોધખોળ હાથ ધરાઈ હતી. આ દરમિયાન આજે વહેલી સવારે કિશોરોના ચંપલ તળાવ કાંઠેથી મળતા તંત્રને જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમો અને શિકારપુર

ગામના યુવકોએ કડકડતી ઠંડી વચ્ચે પાણીમાં બાળકોની શોધ કરી હતી. ત્રણ કલાકની શોધખોળ બાદ બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## વન વિભાગ

લખપત તાલુકાના કોરિયાણી ગામ પાસેથી વન વિભાગે સસલા અને સાંઢાનો શિકાર કરવા બદલ ત્રણ વ્યક્તિને ઝડપી પાડ્યા છે. વન વિભાગની ટીમની રાત્રિ પેટ્રોલીંગ દરમિયાન આ શિકારીઓ પકડાયા હતા. શિકારીઓ સામે વન્ય પ્રાણી અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન....

સમગ્ર જીલ્લામાં શિયાળાની પકડ વધુ મજબુત થઈ રહી છે. ખાસ કરીને મોડી સાંજથી વહેલી સવાર સુધી ઠંડીનો વધુ અનુભવ થતાં લોકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે.

નલિયા 10.8 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે આજે પણ રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું છે. જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન નજીવા વધારા સાથે 15.9 ડિગ્રીએ પહોંચ્યું છે. અંજાર અને ગાંધીધામમાં પણ લઘુતમ તાપમાન 12 ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગના સાત દિવસના વર્તારા મુજબ, લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો આંશિક વધારો થવાની શક્યતા છે, જેનાથી ઠંડીમાં થોડી રાહત મળી શકે છે.

---------------------------------------------------------------------------------------